

## (A - 15)
## જંગલ વસાવ્યું રે જોગીએ,

(ભરથરી–રાગ)

જંગલ વસાવ્યું રે જોગીએ, તજી તનડાની આશજી,
વાત ન ગમે રે આ વિશ્વની, આઠે પહોર ઉદાસજી. જંગલ૦ ૧

સેજ પલંગ પર પોઢતાં, મંદિર ઝરૂખા માંયજી;
તેને નહિ તૃણ સાથરો, રહેતા તરુતલ છાંયજી. જંગલ૦ ૨

સાલ દુશાલા ઓઢતાં, ઝીણા જરકશી જામજી;
તેણે રે ન રાખ્યું તૃણ વસ્ત્રનું, સહે શિર સીત-ઘામજી. જંગલ૦ ૩

હાજી કહેતાં હજાર ઉઠતાં, ચાલતાં લશ્કર લાવજી;
તે નર ચાલ્યા રે એકલા, નહિ પેંજાર પાવજી. જંગલ૦ ૪

ભલો રે ત્યાગ રાજા રામનો, ત્યાગી અનેક નારજી;
મંદિર ઝરૂખા મેલી કરી, આસન કીધલાં દૂરજી. જંગલ૦ ૫

ધન્ય ધન્ય શ્રી સુકુમાર મુનિ, ગ્રહ્યું સ્વરૂપ નિર્ગ્રંથજી;
રાજ સાજ સુખ પરિહરી, વેગે ચાલીયા વનજી. જંગલ૦ ૬

એ વૈરાગ્યવંતને જાઉં વારણે, બીજા ગયારે અનેકજી;
ધન્ય રે જનો એ અવની વિષે, તેને કરું હું નમનજી. જંગલ૦ ૭